વિષય:- યોજનાકીય કામો અને ડેમ સાઈટ પરની ખૂબ ઉંચાઈ પર આવેલ સીડી વિગેરે સાધનોના વપરાશમાં પુરતી કાળજી રાખવા બાબત.

ગુજરાત સરકાર, સિંચાઈ વિભાગ, પરિપત્ર ક્રમાંક : એસીટી/૩૬૮૬/ ૧૫૨૦/૪૯/હ, સચિવાલય, ગાંધીનગર, ૩૭ એપ્રિલ ૧૯૮૬.

રાજ્યના વિકાસ કાર્યક્રમોના ભાગ રૂપે સિંચાઈ અને નર્મદા વિકાસ વિભાગ હેઠળ જુદા જુદા બંધ ઉપર બાંધકામને લગતી કાર્યવાહી ચાલુ હોય છે.

યોજનાકીય કામો ઉપર અધિકૃત માંગણી ઉપર જે તે ઠેકેદારોને અથવા ખાતાકીય કામો ઉપર કરારનામાની શરતો અનુસાર બંધ ઉપરની કામગીરી સોંપવામાં આવે છે. બંધ ઉપર કરવામાં આવતી કામગીરી અંગે ઉપયોગમાં લેવાતા સાધનો તેમજ યંત્ર સામગ્રીની યોગ્ય ચકાસણી, જાળવણી, નિયંત્રણ અંગે ઠેકેદારો તથા ખાતાના અધિકારીઓએ કાળજી લેવાનું રહે છે. ખાતા તરફથી ઠેકેદારો સાથે જે કરારનામુ કરવામાં આવે છે. તેની જોગવાઈઓની સંપૂર્ણ અમલ કાળજીપૂર્વક કરાવવો જોઈએ. ઠેકેદારો તરફથી જોગવાઈઓનો અમલ ન થાય તો જવાબદાર અધિકારીઓએ તે બાબત અંગે ઠેકેદારોનું ધ્યાન દોરી તાત્કાલિક કાર્યવાહી કરવી જોઈએ. તથા સરકારકીમાં પણ જાણ કરી જોગવાઈઓનું પાલન થાય તેવો આગ્રહ સેવવો જોઈએ અન્યથા જોગવાઈઓનું પાલન ન થતાં સંબંધિત અધિકારી ઉપર જવાબદારી આવે. ખાતાકીય રાહે ચાલતા કામોને પણ મહદ અંશે આવી જોગવાઈઓનું કારીગરોની સલામતિ માટે પાલન કરવાનું હોય છે.

(૨) તાજેતરમાં એક યોજનાના બાંધકામ ઉપર સેન્ટરીંગનું કામ માટે લોખંડની સીડીનો ઉપયોગ કરી વીસેક મજૂરોએ ઉપર ચઢવાનો ઘસારો કરતા અચાનક સીડીનું છલતી સાથેના એન્કરનું વેલ્ડીંગ તૂટી જતા સીડી સહિત મજૂરો ૪૫ મીટર ઉંચેથી નદીના પટમાં ફંગોળાઈ જવા પામ્યા. જેથી કેટલાક મજૂરોનાં મૃત્યુ થયા અને કેટલાક મજૂરો ગંભીર રીતે ઘવાયા.

(૩) આવા બનાવોનું પુનાવર્તન ન થાય માટે સંબંધિત ક્ષેત્રિય અધિકારીઓ દ્વારા સાવચેતીના પૂરતા પગલા લેવા અને તેની જાતે તપાસણી કરવા સારૂ નીચેની માર્ગદર્શક સૂચનાઓ પાઠવવામાં આવે છે. :—

૧. કેન્દ્રીય જળ આયોગ (C. W. C.) તરફથી પ્રકાશિત થયેલ સુરક્ષા મેન્યુઅલ (Safety Mannal) દરેક કચેરીએ વસાવી તેમાં આપેલી સુરક્ષા વ્યવસ્થાનો ચૂસ્તપણે અમલ કરવો. તે ઉપરાંત બંધ પર વધરાતી સીડી માટે નીચે પ્રમાણેની વધારાની સાવચેતી રાખવી. :—

(અ) બંધનું કામ લગભગ ૧૫ મીટરથી વધુ ઉંચાઈએ જાય ત્યારે ઉપરવાસમાંથી સીડી ખસેડી નીચવાસમાં રાખવી જોઈએ.

(બ) સીડી ઉપર ટ્રાફિક શિસ્તનો કડક અમલ કરાવવા વ્યવસ્થા કરવી જોઈએ.

(ક) મજુરો અને સુપરવાઈઝરોને ટ્રાફિક નિયમો પાળવાની સૂચનાઓ આપતા પાટિયા સીડીઓ પર ચઢવાની ઉતરવાની જગ્યાએ મૂકાવવા.

(ડ) બાંધકામ હેઠળના બ્લોકની સંખ્યા વધી જાય ત્યારે કામકાજ કરવા માટે ઉપર જવા માટે વધારાની સીડીઓની જોગવાઈ અચૂક કરવી.

(ઈ) લોખંડની સીડીઓને જીબ્રા રંગથી રંગવી જેથી કરીને તેનો ઉપયોગ કરનારાઓ તેને સ્પષ્ટ જોઈ શકે.

(ઇ) સીડી ઉપરની લાઈટ વ્યવસ્થાની જોગવાઈઓમાં વધારો કરી રાત્રી ઉપયોગ માટે સીડીઓ ઉપર વધારાની લાઈટની વ્યવસ્થા કરવી.

(ઉ) મજુરોએ ચઢ-ઉતર કરવાની સીડી મજુરોની સંખ્યાના પ્રમાણમાં પૂરતી મજબુત હોવી જોઈએ અને તે અંગેની સઘળી ચોકસાઈ ક્ષેત્રીય અધિકારીઓએ કરવી.

(૨) દરેક મજુર/કામદાર ઉપરોકત જોગવાઈઓને બરાબર સમજ અને અચૂક પાલન કરે આવી સુવિધાઓના સમયાતરિત તપાસણી કરાવવાની પણ વ્યવસ્થા કરી દેખાતી ત્રુટિઓનું સમારકામ કરાવી લેવું.

ઉપરોકત સૂચનાઓ પ્રવર્તમાન નિયમોના સંદર્ભમાં તેમજ પ્રશ્નની ગંભીરતા જોઈને આપવામાં આવી રહી છે. જેથી યોજનાકીય કામો સલામતી પૂર્વક ચાલે અને ગંભીર અકસ્માતો સર્જાતા અટકે. આ સૂચનાઓનો ચૂસ્તપણે કાળજી ભરી રીતે અમલ કરાવવા અંગે કોઈપણ કિસ્સામાં બેદરકારી તેમજ અનિયમિતતા જોવા મળશે તો તેની જવાબદારી સંબંધિત અધિકારીઓની રહેશે તેની સ્પષ્ટ નોંધ લેવી.